**મે. મજુર અદાલત, વડોદરા ખાતેના પ્રમુખ અધિકારી શ્રી કે. કે. ત્રિવેદી સાહેબ સમક્ષ**

**આંક : ૪**

**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૧૦/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર ::** (૧) **મેનેજરશ્રી,**
અલસ્ટોમ ઈન્ડીયા લીમીટેડ
માણેજા, વડોદરા.

(૨) **નીયોટેક એન્ટરપ્રાઈઝ**
૫૧૧/એ, લલીતા ટાવર,
સ્ટેશન રોડ, વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર ::** **શ્રી મુકુન્દ દિલીપરાવ સિન્ધે**
૮/૦, મકરપુરા જી.આઈ.ડી.સી. એમ્પલોઈઝ યુનિયન,
એસ–૧, દેવકીનંદન કોમ્પલેક્ષ, બીજો માળ,
સુસેન ચાર રસ્તા, મકરપુરા રોડ, વડોદરા.

**રજુઆત :** પ્રથમ પક્ષકાર નંબર (૧) તરફે **વિ. વકીલશ્રી એસ. કે. શાહ.**
પ્રથમ પક્ષકાર નંબર (૨) તરફે **કોઈ નહીં.**
બીજા પક્ષકાર તરફે **કોઈ નહીં.**

## :: એ વો ર્ડ ::

(૧) આ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાની કચેરીના હુકમ ક્રમાંક : કે. એચ. / એસ. એચ. / એમ. સી. / ૫ / એ. જે. / ૭૦૦૮, તારીખ : ૨૩/૦૩/૨૦૧૭ થી શ્રમયોગીશ્રી મુકુન્દ દિલીપરાવ સિન્ધેને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાયનિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(૨) આ કામમાં પ્રથમ પક્ષકાર નંબર (૧) ને ''કંપની'' તથા પ્રથમ પક્ષકાર નંબર (૨) ને ''કોન્ટ્રાકટર'' તેમજ બીજા પક્ષકારને ''શ્રમયોગી'' તરીકે હવે પછી સરળતા ખાતર સંબોધવામાં આવશે.

(૩) અત્રેની અદાલત તરફથી સદર રેફરન્સના કામે પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પક્ષકારોને નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર નંબર (૧) તરફે આંક–૩ થી વિ. વકીલશ્રી સ્નેહલ શાહનું વકીલાતપત્ર રજુ થયેલ છે, જે સાંભળવા માટે રાખવામાં આવેલ.

(૪) આ કામે કામદારના યુનિયનના સરનામે નોટીસ બજેલ હોવા છતાં બીજા પક્ષકાર શ્રમયોગી આ કામે હાજર રહેતા નથી કે તેમના તરફથી સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરવા માટે મુદત અરજી રજુ થયેલ નથી. આજરોજ પણ બીજા પક્ષકાર હાજર નથી કે તેમના તરફે કોઈ મુદ્દત અરજી નથી. આજરોજ પણ સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ થયેલ નથી જેથી માંગણાં નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.  બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદન રજુ થયેલ ન હોઈ સામાવાળાના જવાબનું સ્ટેજ રાખવાથી કોઈ અર્થ સરતો નથી. કામદાર રેફરન્સ દાખલ થયા બાદ કોર્ટમાં આવેલ ના હોઈ પુરાવાનું સ્ટેજ માટે મુદ્દત  આપવી પણ યોગ્ય જણાતી નથી, જેથી કામદારનો પુરાવાનો હકક પણ બંધ કરવામાં આવેલ છે. આ કામે કામદારના પુરાવાનું સ્ટેજ બંધ થયેલ હોઈ પ્રથમ પક્ષકારના પુરાવાનું સ્ટેજ રાખવું પણ યોગ્ય જણાતું નથી. જે સંજોગોમાં દલીલનું સ્ટેજ રાખવું પણ નિરર્થક જણાય છે.

(૫) જયારે જે પક્ષકાર અદાલત રૂબરૂ પોતાનો કેસ લઈ આવતાં હોય ત્યારે તે પક્ષકારે પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. શ્રમયોગીને નોટીસની ધોરણસર બજવણી થયેલ હોવા છતાં મુદતે નામદાર કોર્ટમાં હાજર રહી માંગણા નિવેદન કે પુરાવો રજુ કરેલ ના હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // <u>આખરી હુકમ</u> //

(૧) શ્રમયોગીશ્રી મુકુન્દ દિલીપરાવ સિન્ધેનો રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૨૧૦/૨૦૧૭ પુરાવાના અભાવે આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(કલ્પેશ કેદારનાથ ત્રિવેદી)**

**સ્થળ : વડોદરા** — **જી.જે.૦૦૭૬૮**

**તારીખ : ૨૬/૦૩/૨૦૧૯** — **પ્રમુખ અધિકારી**

આર. આર. પરમાર–પી.એ. — **મજુર અદાલત નંબર (૩),વડોદરા.**